# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-03-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા પશ્ચિમ બંગાળના સિલીગુડી પહોંચ્યા

2) કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ હરિદ્વારમાં રાજ્ય સરકારના ચાર વર્ષ પૂર્ણ થવાની ઉજવણીમાં સામેલ થશે

3) અમેરિકા, ઇઝરાયેલ દળોએ ઇરાનના પાટનગર તહેરાન ઉપર આજે સવારે નવેસરથી હુમલા કર્યા

4) પાકિસ્તાનમાં પેટ્રોલ અને હાઇ-સ્પીડ ડીઝલના ભાવમાં ઐતિહાસિક વધારો

5) બેડમિન્ટનમાં, લક્ષ્ય સેને બર્મિંગહામમાં ઓલ ઇંગ્લેન્ડ ઓપન ચેમ્પિયનશિપના મેન્સ સિંગલ્સની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# REV PREZ SILIGURI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પશ્ચિમ બંગાળના દાર્જિલિંગમાં આંતરરાષ્ટ્રીય સાંતલ પરિષદ દ્વારા આયોજિત નવ-મા આંતરરાષ્ટ્રીય સાંતલ સંમેલનમાં ઉપસ્થિત રહ્યાં. આ પ્રસંગે રાષ્ટ્રપતિશ્રીએ સાંતલી ભાષાને બંધારણમાં સ્થાન અપાવવાની માગ કરનારી સંસ્થાઓની પ્રશંસા કરી હતી.

(BYTE: DRAUPADI MURMU, PRESIDENT)

રાષ્ટ્રપતિશ્રીએ કહ્યું, સાંતલ સમુદાયના લોકોની પરંપરા અને સામૂહિક ચેતનાના સંરક્ષણ અને સંવર્ધનમાં અખિલ ભારતીય સાંતલી સંગઠનની મહત્વની ભૂમિકા રહી છે.

(BYTE: DRAUPADI MURMU, PRESIDENT) SANTHAL COUNCIL

ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ બંગાળના બાગડોગરા ખાતે સવારે કેન્દ્રીય આદિજાતિ બાબતોના રાજ્યમંત્રી દુર્ગાદાસ ઉઇકેએ સુશ્રી મુર્મૂનું સ્વાગત કર્યું હતું.

# PREZ-WOMENS DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર નવી દિલ્હીના માણેકશા કેન્દ્ર ખાતે એક કાર્યક્રમને સંબોધિત કરશે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં મહિલા અને બાળ વિકાસ મંત્રાલય પણ હાજર રહેશે. મંત્રાલયે જણાવ્યું હતું કે સશસ્ત્ર દળો, પોલીસ અને અન્ય ક્ષેત્રો સહિત 150 મંત્રાલય, વિભાગો અને સંગઠનોની લગભગ એક હજાર મહિલાઓ આ કાર્યક્રમમાં ભાગ લેશે.

આ કાર્યક્રમમાં બે પેનલ ચર્ચાઓ પણ યોજાશે. પ્રથમ પેનલ  શ્રમ સંહિતા - મહિલા સશક્તિકરણ અને બીજી પેનલ સ્વ-સહાય જૂથોની મહિલા ઉદ્યોગસાહસિકો પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# WCD – SHAKTI WALK

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય આવતીકાલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર નવી દિલ્હીમાં શક્તિ પદયાત્રાનું આયોજન કરશે. આ કાર્યક્રમ સવારે સાડા સાતથી 10 વાગ્યા સુધી ચાલશે. આ પદયાત્રા ઇન્ડિયા ગેટથી વિજય ચોક સુધીના બે કિલોમીટરના અંતરને આવરી લેશે.

આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિવિધ ક્ષેત્રોમાં અગ્રણી મહિલાઓની ભૂમિકાનું સન્માન કરવાનો અને મહિલાઓની સલામતી અને સશક્તિકરણ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવવાનો છે. આ કાર્યક્રમમાં અનેક કેન્દ્રીય મંત્રીઓ, રાજ્યમંત્રીઓ, સંસદસભ્યો, ધારાસભ્યો અને અન્ય અગ્રણી મહિલાઓ ભાગ લેશે.

# AMIT SHAH- UTTARAKHAND

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે ઉત્તરાખંડના હરિદ્વારમાં રાજ્ય સરકારના ચાર વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે "જન-જન કી સરકાર: ચાર સાલ બેમિસાલ" કાર્યક્રમને સંબોધિત કરશે.

આ પ્રસંગે તેઓ રાજ્ય સરકારની સિદ્ધિઓ પર આધારિત વિકાસ પ્રદર્શન અને નવા ન્યાયિક સંહિતા પર ધ્યાન કેન્દ્રિત કરતા રાજ્ય સ્તરીય પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કરશે. શ્રી શાહ રાજ્યના વિકાસ સાથે સંબંધિત અનેક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

# DAY-WEST ASIA CONFLICT

પશ્ચિમ એશિયાનો સંઘર્ષ આજે આઠમા દિવસે પ્રવેશી ગયો છે. અમેરિકા, ઇઝરાયલ અને ઇરાન હવાઈ હુમલાઓ અને ડ્રોન હુમલાઓનો નવો દોર શરૂ કર્યો છે.

આજે વહેલી સવારે ઇરાનની રાજધાનીમાં હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા. સોશિયલ મીડિયા પર ફરતા એક વીડિયોમાં હુમલાઓ પછી તેહરાનના મેહરાબાદ એરપોર્ટમાં આગ લાગી હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. તેહરાનના પૂર્વી અને પશ્ચિમી ભાગોમાં વિસ્ફોટો સંભળાયા હતા અને ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. યુએસ-ઈઝરાયલી હવાઈ હુમલામાં મહિલાઓ અને બાળકો સહિત એક હજાર 332 ઈરાની નાગરિકો માર્યા ગયા છે.

તેમણે આરોપ લગાવ્યો હતો કે યુનાઇટેડ સ્ટેટ્સ અને ઇઝરાયલે ઇરાનમાં નાગરિકો અને નાગરિક માળખાગત સુવિધાઓને જાણી જોઈને નિશાન બનાવી છે. તેમણે પુનરોચ્ચાર કર્યો કે ઈરાન સ્વ-બચાવના પોતાના અધિકારનો ઉપયોગ કરવાનું ચાલુ રાખશે.

ટ્રમ્પે ઈરાન સાથે કોઈપણ સોદાને નકારી કાઢ્યો છે અને તેને બિનશરતી શરણાગતિ માટે હાકલ કરી છે. દરમિયાન, લેબનોનની સરકારી સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો કે, આજે વહેલી સવારે સ્થાનિક લડવૈયાઓની ઇઝરાયલી દળ સાથે અથડામણ થઇ હતી.

પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં તણાવ સતત વધી રહ્યો હોવાથી સાઉદી અરેબિયાએ ઈરાનને ખોટી ગણતરીઓમાં સામેલ થવા સામે ચેતવણી આપી છે. સાઉદી સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે પ્રિન્સ સુલતાન એર બેઝ તરફ છોડવામાં આવેલી બેલિસ્ટિક મિસાઇલને અટકાવવામાં આવી હતી અને તેનો નાશ કરવામાં આવ્યો હતો

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# LPG PRISE HIKE

આજથી ઘરેલુ LPG સિલિન્ડરના ભાવમાં 60 રૂપિયાનો વધારો થયો છે. આ દર મેટ્રો શહેરોમાં લાગુ થશે. આ વધારા પછી, સિલિન્ડરની કિંમત હવે દિલ્હી અને મુંબઈમાં 913 રૂપિયા, કોલકાતામાં 939 અને ચેન્નાઈમાં 928 રૂપિયા થઈ ગઈ છે. કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં પણ 115 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

# PAKISTAN-PETROL

પાકિસ્તાન સરકારે પેટ્રોલ અને હાઇ-સ્પીડ ડીઝલના ભાવમાં પ્રતિ લિટર 55 પાકિસ્તાની રૂપિયાનો વધારો કર્યો છે. પેટ્રોલિયમ મંત્રી અલી પરવેઝ મલિક, નાયબ પ્રધાનમંત્રી અને વિદેશમંત્રી ઇશાક દાર અને નાણામંત્રી મુહમ્મદ ઔરંગઝેબે આ વધારાની જાહેરાત કરી.

આ વધારાને પરિણામે, હાઇ-સ્પીડ ડીઝલનો એક્સ-ડેપો ભાવ પ્રતિ લિટર 335.86 પાકિસ્તાની રૂપિયા નક્કી કરવામાં આવ્યો, જે 280.86 પાકિસ્તાની રૂપિયા પ્રતિ લિટરથી લગભગ 20 ટકા વધુ છે. તેવી જ રીતે, પેટ્રોલનો એક્સ-ડેપો ભાવ પ્રતિ લિટર 266.17 પાકિસ્તાની રૂપિયાથી વધારીને 321.17 પાકિસ્તાની રૂપિયા કરવામાં આવ્યો, જે લગભગ 17 ટકાનો વધારો દર્શાવે છે. પાકિસ્તાન મુખ્યત્વે સાઉદી અરેબિયા અને યુએઈથી હોર્મુંઝ સ્ટ્રેટ દ્વારા તેલ આયાત કરે છે.

# DELHI - PRIME MINISTER - METRO

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રવિવારે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં બે નવા મેટ્રો કોરિડોરનું ઉદ્ઘાટન કરશે અને ત્રણ વધારાના કોરિડોરનો શિલાન્યાસ કરશે. પત્રકારો સાથે વાત કરતા, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી મોદી દિલ્હી મેટ્રોની પિંક લાઇનના મજલિસ પાર્કથી મૌજપુર-બાબરપુર ખંડ અને મેજેન્ટા લાઇનના દીપાલી ચોકથી મજલિસ પાર્ક ખંડનું ઉદ્ઘાટન કરશે. આ અંગે સાંભળીએ એક અહેવાલ...**

**(VOICE CAST : AJAY INDREKAR)**

*(શ્રીમતી ગુપ્તાએ કહ્યું કે 18 હજાર 300 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનેલા આ પ્રોજેક્ટ્સ જાહેર પરિવહન માળખાને મજબૂત બનાવશે અને ટ્રાફિકમાં સુધારો કરશે. 12 કિલોમીટરથી વધુ લાંબા મજલિસ પાર્ક-મૌજપુર-બાબરપુર ખંડમાં આઠ એલિવેટેડ સ્ટેશનોનો સમાવેશ થાય છે. આ નવા કોરિડોરના ઉમેરાથી પિંક લાઇનની લંબાઈ 71 કિલોમીટરથી વધુ થશે, જેનાથી તે દિલ્હીમાં દેશનો પ્રથમ સંપૂર્ણ કાર્યરત રિંગ મેટ્રો બનશે. આ પ્રોજેક્ટમાં યમુના નદી પર એક નવો પુલ અને મેટ્રો ટ્રેક અને રોડ ફ્લાયઓવર બંને માટે એક જ થાંભલા પર બે માળનો ડબલ-ડેકર પુલ બનાવવાનો પણ સમાવેશ થાય છે.*

*પ્રધાનમંત્રી મોદી દિલ્હી મેટ્રોના પાંચમા તબક્કા હેઠળ ત્રણ નવા કોરિડોરનો શિલાન્યાસ પણ કરશે. શ્રીમતી ગુપ્તાએ કહ્યું કે આનાથી મુસાફરીની સરળતામાં સુધારો થશે અને રાજધાનીમાં પ્રદૂષણને નિયંત્રિત કરવામાં મદદ મળશે. આ પ્રોજેક્ટ્સ ખાસ કરીને નોઇડા અને ફરીદાબાદથી મુસાફરી કરતા લોકો માટે ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનીમથક સુધી પહોંચવાની સુવિધા પૂરી પાડશે.*

*અજય ઈન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

# PM- JAN AAUSHADHI DAY

આજે જન ઔષધિ દિવસ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજનાનો લાભ લેનારાઓને અભિનંદન આપતા કહ્યું કે, આ પ્રોજેક્ટથી અસંખ્ય પરિવારોનો તબીબી ખર્ચ બચ્યો છે. તેમણે ઉમેર્યું કે સરકાર પોષણક્ષમ ભાવે ગુણવત્તાયુક્ત દવાઓ પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે.

# PM – PARMAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ગુજરાત વિધાનસભાના સભ્ય ગોવિંદ પરમારના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે ગોવિંદભાઈ પરમાર સમાજ કલ્યાણ કાર્ય માટે સમર્પિત અને પ્રતિબદ્ધ હતા. પ્રધાનમંત્રીએ શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે ગોવિંદભાઈ પરમાર મધ્ય ગુજરાતના એક અથાક અને સમર્પિત રાજકારણી તરીકે જાણીતા હતા, અને રાજ્ય માટે તેમની ખોટ ક્યારેય પૂરી ન શકાય. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે આ દુઃખની ઘડીમાં સમગ્ર ભાજપ પરિવાર તેમના પરિવાર સાથે મજબૂત રીતે ઉભો છે.

# BADMINTON

ઈંગ્લેન્ડ ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં, લક્ષ્ય સેન પુરુષો સિંગલ્સની સેમિફાઇનલમાં પ્રવેશ્યા છે.

ગઇકાલે ક્વાર્ટર ફાઇનલમાં લક્ષ્ય એ ચીનના લી શી ફેંગને હરાવી 21-13, 21-16 થી હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આજે સેમિફાઇનલમાં લક્ષ્યનો સામનો કેનેડાના વિક્ટર લાઇ સામે થશે.

# AIR BUS

નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ જણાવ્યું કે દેશ ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ માટે એક હબ તરીકે ઉભરી આવ્યો છે, એરબસે ભારતમાં યુરોપની બહાર તેનું બીજું સૌથી મોટું ડિજિટલ સેન્ટર સ્થાપિત કર્યું છે.

આજે બેંગલુરુમાં એરબસ ઇન્ડિયા ટેકનોલોજી સેન્ટરના વર્ચ્યુઅલ ઉદ્ઘાટન પ્રસંગે બોલતા, શ્રી નાયડુએ જણાવ્યું કે, દેશના કુશળ અને યુવા કાર્યબળ દ્વારા સંચાલિત, અદ્યતન એન્જિનિયરિંગ અને નવીનતા કેન્દ્રો સાથેનું નવું એરબસ કેમ્પસ ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ પાવરહાઉસ તરીકે દેશની વધતી જતી શક્તિનો પુરાવો છે.

મંત્રીએ ઉમેર્યું હતું કે, આ સુવિધા દેશની પ્રતિભાને વિશ્વમાં ગમે ત્યાં ઉડતા એરબસ વાણિજ્યિક વિમાનો અને હેલિકોપ્ટર માટે મહત્વપૂર્ણ સિસ્ટમો ડિઝાઇન અને વિકાસ કરવામાં સક્ષમ બનાવશે.